# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. રાજ્યના નાગરિકોની પરિવહન સુવિધા વધારવા 70 નવીન બસોનું લોકાર્પણ.
2. આજથી શરૂ થતી જીએસટી કાઉન્સિલની બેઠકમાં રાજ્યને લગતાં મહત્વના નિર્ણયો લેવાશે તેવી આશા વ્યક્ત કરતાં નાણામંત્રી કનુ દેસાઇ
3. રાજ્યમાં ડૂબી જવાની અલગ અલગ ત્રણ ઘટનાઓમાં પાંચના મોત આઠનો બચાવ
4. સુરતમાંથી વિઝાના નકલી સ્ટિકરો બનાવવાનું કૌભાંડ ઝડપાયું
5. અંબાજીના મેળાના બીજા દિવસે ત્રણ લાખ 58 હજારથી વધુ માંઇ ભક્તોએ માતાના ચરણોમાં શિશુ ઝુકાવ્યું
6. આગામી છ દિવસ દરમિયાન રાજ્યમાં વરસાદનું જોર વધવાની હવામાન વિભાગની આગાહી

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# Harsh Sanghvi – Bus Lokarpan & Ambaji Control Room Visit

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગઇકાલે ઉત્તર ગુજરાતની મુલાકાત દરમિયાન મહેસાણા ખાતે રાજ્ય, માર્ગ વાહનવ્યવહાર નિગમની નવી 70 બસોનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળા નિમિત્તે લાખો માઈભક્તોની સુવિધા માટે 5 હજાર 500 વધારાની બસોના સંચાલનનો શુભારંભ કરાયો. આ બસો 7 સપ્ટેમ્બર સુધી દોડવાશે, જેમાં અંબાજી, ગબ્બર, દાંતા, પાલનપુર, મહેસાણા, અમદાવાદ, વડોદરા, સુરત સહિત રાજ્યના વિવિધ શહેરોને જોડતી બસ સેવાઓનો સમાવેશ થાય છે. અન્ય 55 મિની બસો ગબ્બર, દાંતા અને પાલનપુર જેવા મુખ્ય સ્થળોને જોડશે. દરમિયાન શ્રી સંઘવીએ શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળામાં આવતા ભાવિકો અને પદયાત્રીઓની સુરક્ષા માટે વિશેષ રીતે તૈયાર કરાયેલા પોલીસ કંટ્રોલરૂમની મુલાકાત લીધી અને સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. ડ્રોન - સી.સી.ટી.વી., આધુનિક ટેક્નોલોજીથી સજ્જ આ કંટ્રોલરૂમ પાર્કિંગ વ્યવસ્થા સહિત માઈભક્તોની સલામતી માટે સતત કાર્યરત રહેશે.

.......................................

## VIJ DAR GHATADO

રાજ્ય સરકારે જુલાઈ મહિનાથી વીજળીના ફ્યૂઅલ સરચાર્જના દરમાં પ્રતિયુનિટ 15 પૈસાનો ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. આ અંગે માહિતી આપતા ઊર્જા મંત્રી કનુ દેસાઈએ કહ્યું, નાગરિકોને ઓછા દરે વીજળી આપવા જુલાઈ 2025થી ફ્યૂઅલ સરચાર્જના દરમાં આ ઘટાડો કરાયો છે. હવે વીજ ઉપયોગ પર ફ્યૂઅલ સરચાર્જ પ્રતિયુનિટ 2.30 રૂપિયાના ઘટાડેલા દર સાથે લેવાશે. આ નિર્ણયથી રાજ્યના એક કરોડ 75 લાખ જેટલા ગ્રાહકોને જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન અંદાજે 400 કરોડ રૂપિયાથી વધુનો લાભ થશે.

.......................................

## GST COUNCIL MEETING – KANU DESAI

GST કાઉન્સિલની 56મી બેઠક આજથી નવી દિલ્હીમાં શરૂ થશે.કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ બે દિવસીય બેઠકની અધ્યક્ષતા કરશે. આ પરિષદ ભારતના આગામી પેઢીના GST સુધારાઓ પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે. રાજ્યના નાણાં મંત્રી કનુ દેસાઇએ જીએસટી સ્લેબમાં ફેરફાર અંગે જણાવ્યુ કે વિવિધ ક્ષેત્રોમાં જીએસટી ઘટાડવાનો નિર્ણય આ બેઠકમાં લેવાઈ શકે. આ અંગે તેમણે વધુ માહિતી આપી ...

(બાઈટ – કનુ દેસાઇ)

.......................................

## Dubi Javathi Mot – Ahmedabad & Panchmahal

રાજ્યમાં ડૂબવાની ત્રણ અલગ અલગ ઘટનાઓમાં 5 ના મોત થયા છે, જ્યારે 8 લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

અમદાવાદના સરખેજમાં આવેલા તળાવમાં 3 યુવાનના ડૂબી જવાથી મોત થયા છે. ગઇકાલે બોટ લઈને ચાર યુવાન તળાવમાં ઉતર્યા હતા જો કે ચોથો યુવક થોડીવારમાં જ બોટમાંથી ઉતરી ગયો હતો. આ દરમિયાન બોટ ઉંધી વળી જતા ત્રણેય યુવક ડૂબી ગયા હતા. ફાયર વિભાગની ટૂકડીએ 2 કલાકની જહેમત બાદ ત્રણેય યુવાનના મૃતદેહ બહાર કાઢ્યા હતા.

બીજી તરફ પંચમહાલના કાલોલમાં મીરાપુરી ગામે ગણેશ વિસર્જન દરમિયાન ગોમાં નદીમાં ડૂબી જવાથી એક યુવાનનું મોત થયું છે. ગોમા નદીમાં વિસર્જન માટે આઠ યુવાનો નદીમાં ઊંડે ઉતર્યા તે દરમ્યાન આ યુવાનો નદીમાં ડૂબવા લાગતા સ્થળ પર હાજર તરવૈયાઓએ સાત લોકોને બચાવી લીધા હતા પરંતુ 35 વર્ષીય યુવાનનું મોત નિપજ્યું હતું.

ભાવનગરના તળાજામાં ટીમાણા ગામે શેત્રુંજી નદીના કોઝવે પરથી પસાર થતાં ખેડૂત ટ્રેક્ટર સાથે નદીમાં ખાબકતા તેમનું મોત નીપજયું હતું. NDRF અને ફાયરની ટીમે 6 થી 7 કલાકની જહેમત બાદ 60 વર્ષીય ખેડૂતનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.

.......................................

## Surat - Nakli Visa Factory

સુરતના અડાજણ ખાતે નકલી વિઝા બનાવતી ફેકટરી ઝડપાઇ છે. જેમાં બ્રિટન કેનડા, સર્બિયા સહિતના યુરોપના નકલી વિઝાના સ્ટિકરો મળ્યા હતાં. આરોપીએ 10 વર્ષમાં 700 નકલી સ્ટિકર બનાવ્યા હોવાનું સામે આવ્યું છે, સુરત sog ના ડીસીપી રાજદીપ નકુમે આ અંગે વધુ માહિતી આપી હતી.

**(બાઇટ - RAJDIP NAKUM DCP SOG)**

…………………………………

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગા મ્યુઝિક

………………………………

## Gold Seized

અમદાવાદ એરપોર્ટ પર ફરી એકવાર કસ્ટમ્સ અધિકારીઓએ સોનાની દાણચોરીનો પર્દાફાશ કર્યો છે. દુબઈથી આવેલી ફ્લાઇટ દ્વારા આવેલા એક પેસેન્જરે ટ્રોલી બેગના વ્હીલના પોલા ભાગમાં છુપાવેલ

રૂપિયા16 લાખની કિંમતનું 24 કેરેટ સોનું જપ્ત કરવામાં આવ્યું છે..પેસેન્જરની અટકાયત કરવામાં આવી છે અને અંગેની ઝિણવટપૂર્વકની તપાસ હાથ ધરાઇ છે.

.......................................

## AMBJI MELO - DARSHAN

અંબાજી બોલ માડી અંબે જય જય અંબેના નાદ સાથે ગુંજી રહ્યું છે. સમગ્ર દેશમાંથી માઇ ભક્તો માતાજીના ચરણોમાં શિશ ઝુકાવી રહ્યાં છે. ત્યારે શક્તિપીઠ અંબાજી ભાદરવી પૂનમ મહા મેળાના બીજા દિવસે 3 લાખ 58 હજાર 239 માઈ ભક્તોએ માતાજીના દર્શન કર્યા હતા, 26 લાખ જેટલી ભંડારાની આવક થઈ હતી. જ્યારે માંઇ ભક્તોએ કરેલા 4.860 ગ્રામ સોનાના દાનની આવક પણ મળી હતી.

પગપાળા આવતા સંઘો અને યાત્રિકો માટે અનેક સ્થળે વિસામા કેન્દ્ર કાર્યરત છે, ભોજન પાણી મેડિકલ સહિતની સેવાઓ પૂરી પાડવામાં આવે છે, આરોગ્ય વિભાગ દ્વારા નીઃશુલ્ક સારવાર આપવામાં આપી રહી છે.

પાટણથી અંબાજી જવા પગપાળા યાત્રા સંઘોથી અંબાજી તરફ જતાં તમામ માર્ગો ઉપર પદયાત્રિકોનો ધસારો જોવા મળી રહ્યો છે.

.......................................

## AMBAJI - MULTI MEDIA PRADARSHAN

વિકસિત ભારતના અમૃત કાળ અંતર્ગત સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૧૧ વર્ષની સિદ્ધિઓને ઉજાગર કરવા ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર દ્વારા અંબાજી ભાદરવી પૂનમ મહામેળામાં મલ્ટીમીડિયા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન બનાસકાંઠા જિલ્લાના કલેક્ટર મિહિર પટેલ દ્વારા આજે  કરવામાં આવશે.

સાતમી સપ્ટેમ્બર સુધી ચાલનારા આ પ્રદર્શનમાં સ્વચ્છ ભારત અભિયાન, પોષણ અભિયાન, યોગ ઉત્સવ, ડિજિટલ ઇન્ડિયા, ફિટ ઇન્ડિયા, એક પેડ મા કે નામ જેવા કાર્યક્રમો ઉપરાંત ભારત સરકારની ફ્લેગશિપ યોજનાઓ અંતર્ગત સ્પર્ધાઓ, મનોરંજક કાર્યક્રમો અને મલ્ટીમીડિયા પ્રવૃત્તિઓનું આયોજન જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી કરવામાં આવશે.

……………………………………

## WEATHER

આજે નર્મદા અને તાપીમાં ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું હોવાનું હવામાન વિભાગના વડો એ કે દાસે જણાવ્યું હતું.

**(બાઇટ- એ કે દાસ)**

હવામાન વિભાગના દ્વારા આગામી 8 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે આગામી 48 કલાક બાદ વરસાદની તીવ્રતામાં વધારો થશે. હવામાન વિભાગના ડાયરેક્ટર, ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, બંગાળની ખાડીમાં લો પ્રેશર સિસ્ટમ અને મોન્સૂન ટ્રફ સક્રિય થવાને કારણે આ વરસાદી માહોલ સર્જાયો છે.

.......................................

## AMUL DAIRY ELECTION HC

અમૂલ ડેરીના નિયામક મંડળની ચૂંટણીમાં ઉમેદવારીપત્ર રદ કરવાના મામલે ચાર ઉમેદવાર હાઇકોર્ટમાં પહોંચ્યા છે. હાઇકોર્ટમાં મંગળવારે મેટર બોર્ડ પર આવતાં હાઇકોર્ટે આગામી મુદ્દત ૪થી સપ્ટેમ્બરને ગુરુવારના રોજની નિર્ધારીત કરી છે.

કપડવંજ બેઠક પરથી ઉમેદવારી કરનાર શારદાબેન પટેલ, મહેમદાવાદ બેઠક પરથી ઉમેદવારી કરનાર જુવાનસિંહ ચૌહાણ, વિરપુર બેઠક પરથી ઉમેદવારી કરનાર રાધુસિંહ પરમાર અને આણંદ બેઠક પરથી ઉમેદવારી કરનાર વિજયસિંહ મહિડા દ્વારા તેમના ઉમેદવારીપત્ર રદ કરવાના ચૂંટણી અધિકારી ડો.મયુર પરમારના નિર્ણયને હાઇકોર્ટમાં પડકારવામાં આવ્યો છે. ગઇકાલે મેટર બોર્ડ પર આવતાં હાઇકોર્ટ દ્વારા આગામી મુદ્દત ૪થી સપ્ટેમ્બરને ગુરુવાર રોજ રાખવામાં આવી છે.

.......................................

# SOMNATH – SHRAVAN DARSHAN

શ્રાવણ માસ  દરમ્યાન સોમનાથ  ખાતે 30 દિવસમાં 16.17 લાખ થી વધુ ભક્તોએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા. આ ઉપરાંત દુનિયાભરના 50 થી વધુ દેશોમાં 18.32 કરોડ ભક્તોને ઓનલાઈન દર્શનનો લાભ લીધો છે. ટ્રસ્ટના સ્વાગત કક્ષથી 20 હજારથી વધુ સિનિયર સિટીઝનને સહાયતા કરી દર્શન કરાવાયા હતા. આ સાથે  1.75 લાખ લોકોએ ભોજન પ્રસાદ લાભ લીધો હતો. ઉલ્લેખનીય છે કે આ વખતે શ્રાવણમાં  રેકોર્ડ 800 થી વધુ ધ્વજા પૂજા, 9 હજાર 797 રુદ્રાભિષેક પાઠ, 1200 થી વધુ સોમેશ્વર મહાપૂજા કરાવી ભક્તો ધન્ય બન્યા હતા.

.........................................